# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-09-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર રૂપલ જાની વાંચે છે.**

*****************************************************

1) નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું નવા યુગના -GST સુધારાનો ઉદ્દેશ્ય દેશની કર અને મહેસૂલ પ્રણાલીને આધુનિક અને સરળ બનાવવાનો.

2) દેશના એઆઈ-કૃત્રિમ બુદ્ધિમતા મિશનમાં સંતોષકારક પ્રગતિ થઈ છે અને તે વિવિધ ક્ષેત્રોમાં સુવિધાઓની ઉપલબ્ધતાને સક્ષમ બનાવશે

3) આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના ભાવનગરની મુલાકાતે.

4) નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ચોમાસા પછી ચારધામ યાત્રા માટે હેલિકોપ્ટર સેવાઓ ફરી શરૂ કરવાની મંજૂરી આપી.

5) પીવી સિંધુ ચાઇના માસ્ટર્સના ક્વાર્ટર ફાઇનલમાં, તો એશિયા કપમાં આજે ભારત અને ઓમાન વચ્ચે મુકાબલો.

*************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

## NIRMALA SITARAMAN

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું - નવા યુગના GST સુધારાનો ઉદ્દેશ્ય દેશની કર અને મહેસૂલ પ્રણાલીને આધુનિક અને સરળ બનાવવાનો છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કોલકાતામાં નેક્સ્ટ જનરેશન ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (GST) રિફોર્મ્સ કમિટીના એક કાર્યક્રમમાં આ સુધારાઓના લક્ષ્યોની રૂપરેખા આપી. વધુમાં નાણામંત્રીએ કહ્યું કે છેલ્લા આઠ વર્ષથી અમલમાં રહેલા GST માળખાનું પુનર્ગઠન કરતા પહેલા રાજ્યોના સૂચનોની સંપૂર્ણ સમીક્ષા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GST-REFORMS-AUTO

નવા વસ્તુ અને સેવા કર દરો સોમવાર, 22 સપ્ટેમ્બરથી અમલમાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આ વર્ષે સ્વતંત્રતા દિવસના સંબોધનમાં આગામી પેઢીના GST સુધારાઓની જાહેરાત કરી હતી. તેમનો ઉદ્દેશ્ય કર માળખાને સરળ બનાવવા અને સામાન્ય લોકો પર નાણાકીય બોજ ઘટાડવાનો છે. આજે, આપણે ઓટોમોબાઈલ ઉદ્યોગ પર આ સુધારાઓની સંભવિત અસરની રૂપરેખા આપીશું.

(બાઈટ -- ARZOO-GST)

. . . . . . . . . . . . . .

# VAISHNAW-AI

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે દેશના એઆઈ- કૃત્રિમ બુદ્ધિમતા મિશનમાં સંતોષકારક પ્રગતિ થઈ છે અને તે વિવિધ ક્ષેત્રોમાં સુવિધાઓની ઉપલબ્ધતાને સક્ષમ બનાવશે. ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન નિયમોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં તેને બહાર પાડવામાં આવશે. ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ 2026 માટે લોગોનું વિમોચન કરતા તેમણે કહ્યું કે તેનું માળખું વિકસાવવા માટે 3,000 થી વધુ પરામર્શ યોજવામાં આવ્યા છે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારતમાં હાલમાં 38,000 થી વધુ ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ્સ (GPU) છે, અને નજીકના ભવિષ્યમાં આ સંખ્યા વધશે. તેમણે જણાવ્યું હતું કે 500 થી વધુ ડેટા અને એઆઈ લેબ્સના વિસ્તરણથી એઆઈ અને ઇલેક્ટ્રોનિક્સમાં સમાવિષ્ટ વિકાસ, વ્યાપક ટેકનોલોજી અને વૈશ્વિક નેતૃત્વ શક્ય બનશે. તેમણે જણાવ્યું હતું કે ભારત આવતા વર્ષે એઆઈ ઇમ્પેક્ટ સમિટનું આયોજન કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BHAVNAGAR PM SABHA

ગુજરાતના ભાવનગરમાં આવતીકાલે  ૨૦મી સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવી રહ્યા છે ત્યારે શહેરને શણગારવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમ અંગે કેન્દ્રીય રાજ્ય કક્ષાના મંત્રી નીમુબેન બાંભણિયા સહિતના સ્થાનિક નેતાઓએ પત્રકાર પરિષદ યોજી વિગતો આપી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એરપોર્ટ ખાતે આવશે અને મહિલા કોલેજથી રૂપાણી સર્કલ સુધી દોઢ કિલોમીટર લાંબો રોડ' શો યોજશે, તેમ નીમુબેન બાંભણિયાએ કહ્યું હતું.

(બાઇટ- નીમુબેન બાંભણિયા, કેન્દ્રીય રાજ્ય મંત્રી)

. . . . . . . . .

# DGCA-CHARDHAM

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ચોમાસા પછી ચારધામ યાત્રા માટે હેલિકોપ્ટર સેવાઓ ફરી શરૂ કરવાની મંજૂરી આપી છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચારધામ યાત્રાને સુરક્ષિત બનાવવા માટે તમામ પાસાઓની સંપૂર્ણ તપાસ અને મૂલ્યાંકન અને વ્યૂહાત્મક પહેલના અમલીકરણ પછી મંજૂરી આપવામાં આવી છે. નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી સાથે અનેક સમીક્ષા બેઠકો યોજી હતી જેથી ડિરેક્ટોરેટ જનરલ, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને રાજ્ય સરકાર વચ્ચે સંકલન સુનિશ્ચિત થાય.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે તમામ હેલિપેડ, હેલિકોપ્ટર, ઓપરેટર તૈયારીઓ અને અન્ય સુવિધાઓનું વ્યાપક નિરીક્ષણ કર્યા પછી હેલિકોપ્ટર સેવાઓ ફરી શરૂ કરવાની મંજૂરી આપી હતી. સલામતી સુનિશ્ચિત કરવા માટે ડિરેક્ટોરેટ જનરલ ચારધામ હેલિકોપ્ટર સેવાઓનું સતત નિરીક્ષણ કરશે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . .

# SEVA PARV- WOMEN EMPOWERMENT

સેવા અને સુશાસન, એટલે કે જાહેર સેવા અને સુશાસનના મંત્ર દ્વારા સંચાલિત, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર, પરિવર્તન અને પ્રગતિ લાવવા માટે અથાગ  મહેનત કરી રહી છે. - 'સેવા પર્વ' માં, મોદી સરકારે દેશભરમાં મહિલા સશક્તિકરણને મજબૂત બનાવ્યું છે..

છેલ્લા 11 વર્ષોમાં, ભારત સરકારે સામાજિક, આર્થિક, રાજકીય અને કાનૂની ક્ષેત્રોમાં મહિલાઓને સશક્ત બનાવવા માટે એક વ્યાપક, જીવનચક્ર-આધારિત નીતિ માળખું અપનાવ્યું છે.

"નારી શક્તિ" હવે એક રાષ્ટ્રીય મિશન છે, જે શહેરી હોય કે ગ્રામીણ, યુવાન હોય કે વૃદ્ધ - દરેક મહિલાને ગૌરવ, સલામતી અને આત્મનિર્ભરતા સાથે જીવવા માટે સશક્ત બનાવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મુજબ કહ્યું હતું.

(બાઈટ -- PM-MODI--TECH-FARMING)

. . . . . . . . . . . .

# P. V. SINDHU

પીવી સિંધુ ચાઇના માસ્ટર્સના ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ છે. સિંધુએ મહિલા સિંગલ્સના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં થાઇલેન્ડની પોર્નપાવી ચોચુવોંગને સરળતાથી હરાવી હતી. આ દરમિયાન, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી પણ પુરુષોના ડબલ્સમાં છેલ્લા આઠમાં પ્રવેશ્યા હતા.

સાંભળીએ એક અહેવાલ...

(બાઈટ -- SHASHANK, SPORTS)

. . . . . . . . . . .

# CRICKET--ASIA-CUP.

અબુ ધાબીમાં એશિયા કપ ટ્વેન્ટી 20 ક્રિકેટ મેચમાં શ્રીલંકાએ અફઘાનિસ્તાનને છ વિકેટે હરાવીને સુપર ફોર સ્ટેજમાં પ્રવેશ કર્યો. અગાઉ, અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરીને નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 169 રન બનાવ્યા. જવાબમાં, કુસલ મેન્ડિસના 52 બોલમાં અણનમ 74 રન અને બોલિંગમાં નુવાન તુષારાની ચાર વિકેટની મદદથી શ્રીલંકાએ શાનદાર વિજય મેળવ્યો. કુસલ મેન્ડિસને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

આ જીત સાથે, શ્રીલંકા ગ્રુપ B માં ટોચ પર રહ્યું, જ્યારે બાંગ્લાદેશ ત્રણ મેચમાંથી બે જીત સાથે આગળના તબક્કામાં પહોંચ્યું.

ભારત આજે ગ્રુપ A ની તેમની છેલ્લી મેચમાં ઓમાનનો સામનો કરશે. મેચ રાત્રે 8 વાગ્યે શરૂ થશે.

. . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભૂંડિયા

આજના અખબારોમાં અલગ- અલગ સમાચારને મુખ્ય સમાચાર તરીકે લેવામાં આપ્યા છે. દિવ્ય ભાસ્કરે પાકિસ્તાન - સાઉદી વચ્ચે સૈન્ય કરાર, ભારતે કહ્યું - અમે અમારું રક્ષણ કરવા સક્ષમ છીએ ના સમાચાર જ્યારે નવગુજરાત સમયે સાઉદી-પાકનો ભાઈ ચારો, હવે ભેગા મળીને યુધ્ધ લડશેના સમાચારને પેહલા પાને છપ્યા છે.

સંદેશે વોટચોરી મુદ્દે રાહુલ અને ચૂંટણીપંચ સામસામે ના સમાચારને પહેલા પાને મુખ્ય મથાળે છાપ્યા છે.

જ્યારે ગુજરાત સમચરે અદાણિને હિંડંબર્ગ કેસમાં સેબીની કલીનચિટ ને પહલે પાને મુખ્ય મથાળે છાપ્યા છે.

રાજ્ય અને સ્થાનિક સમાચારમાં ગાંધીનગરમાં મોટાપાયે ડિમોલિશના સમાચાર છેલ્લાપેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે

. . . . . . . . . . . .